ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### GSFC યુનિવર્સિટી ખાતે નેશનલ ફાયર સર્વિસ દિવસના માનમાં ફાયરફાઇટર્સને શ્રદ્ધાંજલિ અર્પી



વડોદરા : GSFC યુનિવર્સિટી દ્વારા આજે ૧૪મી જૂન, ૧૯૪૪ના રોજ મુંબઈ ડોકયાર્ડમાં થયેલી ભયાનક આગ અનેવિસ્ફોટમાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર ફાયરફાઈટર્સની યાદમાં એક ગૌરવપૂર્ણ કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. યુનાઈટ ટુ ઈગ્નાઈટ, ફાયર સેફ ઈન્ડિયાના રાષ્ટ્રીય અગ્નિ સલામતી સપ્તાહ ૨૦૨૫ના સૂત્ર પર આધારિત આ કાર્યક્રમ, યુનિવર્સિટીની અગ્નિ સલામતી જાગૃતિ અને તૈયારીને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ પ્રસંગે વિષ્ણુભાઈ પટેલ, કોમ્પ્લેક્સ હેડ (જીએસીએલ), અને વી. બી. મિશ્રા, વાઈસ પ્રેસિડેન્ટ (એફએન્ડએસ, જીએસએફસીલિ.), એ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. GSFC યુનિવર્સિટીના બી.ટેક (ફાયરએન્ડઈએચએસ) વિભાગના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ આ થીમ આધારિત કાર્યક્રમનું ઝીણવટપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં GSFC યુનિવર્સિટીના બિમલભાયાણી, સલાહકાર અને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ, આર. બી. પંચાલ (ડિરેક્ટર-એડમિન), મહેશ બારોટ (ડિરેક્ટર-કેમ્પસ) ઉપસ્થિત રહ્યા હતા.

### બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા ટિમ્બી ગામમાં એમ્બ્રોઇડરી વર્કશોપનું આયોજન કરાયું



વડોદરા :બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા ગ્રામ્ય મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ અંતર્ગત એમ્બ્રોઈડરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસની તાલીમ હાલ ટિમ્બી ગામમાં ચાલી રહી છે, જેમાં મહિલાઓને ભરત કામના વિવિધ પ્રકારો, ડિઝાઈન્સ અને ટાંકા શીખવવામાં આવી રહ્યા છે. વર્કશોપના અંતિમ દિવસે મહિલાઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને રોજગારલક્ષી કૌશલ્ય શીખવી આત્મનિર્ભર બનવા માટે તૈયાર કરવાનો છે. કામગીરીના આગળના તબક્કા તરીકે, આવું જ ત્રણ-ત્રણ દિવસનું વર્કશોપ જેસંગપુરા અને રાયણતલાવડી ગામમાં પણ યોજાશે. 30 મહિલાઓને પ્રોજેક્ટમાંથી લાભ મળશે, જેમાં દરેકને ક્રિયાત્મક રીતે શીખવા અને ઘેરબેઠાં નાના વ્યવસાય શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરાશે.

### પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા કમાટીબાગ સંકલ્પ ભૂમિ ખાતે મેગા સ્ટોલનું નિર્માણ




વડોદરા : પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને પાવરગ્રિડ એસ.સી / એસ.ટી કર્મચારી કલ્યાણ સંઘ, પશ્ચિમ ક્ષેત્ર-2ના સંયુક્ત પ્રયાસ દ્વારા ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે સંકલ્પ ભૂમિ, વડોદરા ખાતે નમન કરવા આવનાર ભાવિકોને જલપાન અને બેઠક હેતુ મદદગાર થવા સર્વ પ્રથમ વાર મેગા સ્ટોલનું નિર્માણ કરાયું હતું અને જેનો લાભ બહોળા પ્રમાણમાં સંકલ્પ ભૂમિ ખાતે આવનારાઓ દ્વારા લેવા આવ્યા હતા.

### તુલસાવાડી-ચૌહાણ સોસાયટી ખાતે ડો.આંબેડકર જયંતી અને ચૈત્રી માસ નિમિત્તે ભંડારો યોજાયો



વડોદરા : શ્રી નવશક્તિ ગરબા મહોત્સવ કારેલીબાગના આયોજક કમલેશ પરમાર અને શ્રીકૃષ્ણ યુવા યુવક મંડળ તેમજ ચૌહાણ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. સાથે જાહેર ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારના લોકોએ જાહેર ભંડારાનો લાભ લીધો હતો.

**સોશિયલ મીડિયા એપ્લીકેશન્સ ઉપર ફેક આઇડી બનાવી ખાસ સિનિયર સિટીઝનોને ટાર્ગેટ કરતા હતા**

# હનીટેપમાં ફસાવનાર ગેંગ સૂત્રધાર સહિત 9 ઝડપાયા

**કપડવંજ** ટાઉન પોલીસે 4 ટીમો બનાવી આરોપીઓને મુદ્દામાલ સહિત દબોચી લીધા

(પ્રતિનિધી) કપડવંજ, તા.15 ઉચ્ચ અધિકારીઓ તરફથી સોશિયલ મિડીયાનો દુરઉપયોગ કરી આમ જનતા પાસે નાણા પડાવતા ઈસમોને શોધી કાઢવા તથા તેમના વિરૂધ્ધ સખત પગલા લેવા જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. જનકસિંહ દેવડાએ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના ગુનાના ફરીયાદી સિનિયર સિટિઝનને હનીટ્રેપમાં ફસાવી નાણા પડાવવા પુર્વ નિયોજીત ગુનાહિત કાવતરૂ રચી ફેસબુક ઉપર પ્રિતિ પટેલ નામની ફેક ફેસબુક આડીથી ફ્રેન્ડ્સ રિકવેસ્ટ મોકલી, મહીલાએ તેઓની સાથે વોટસએપથી ચેટીંગ તથા વોઈસ કોલ કરી એકાંત સ્થળે રૂબરૂ મુલાકાત ગોઠવી, તે દરમ્યાન ગેંગના અન્ય સભ્યો ત્યાં આવી જઈ પોતાની ઓળખ મહીલાના સગા તરીકે આપી ફરીયાદી સિનીયર સિટિઝનને મહીલા સાથેનો વીડિયો ઉતારી, મહીલા સાથે શારીરીક સંબંધ રાખેલ હોવાના આક્ષેપોવાળી ફરીયાદ કરવાનુ તેમજ ઉતારેલ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી રૂ.૬,૦૦, ૦૦૦/- ની માંગણી કરી અપહરણ કરી બળજબરીથી રૂ.૩,૦૦, ૦૦૦/- ની રકમ પડાવી લઈ, બાકીના રૂ.૩,૦૦,૦૦૦/- ની સતત માંગણી કરતા હોવાનો બનાવ બન્યો હતો. સદર બનાવની ગંભીરતાને ધ્યાને જેમાં સંડોવાયેલ ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સદર બનાવને અંજામ આપનાર ઈસમોની ઓળખ કરવા સારૂ કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનની ૪ ટીમો બનાવી સદર બનાવ સમયના કપડવંજ શહેર તથા આસપાસના



આશરે ૪૦ જેટલા સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી આરોપીઓએ ગુના સમયે વાપરેલ વાહનોની સરકારના વિવિધ પોર્ટલ પરથી માહિતી મેળવી તેમજ સોશિયલ મીડિયાના વિવિધ એકાઉન્ટન્સમાંથી માહિતી મેળવી સ્કુટીની કરી આરોપીઓના મોબાઈલ નંબરો ટ્રેસ કરી ટેક્નીકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી ગુનાને અંજામ આપનાર ગેંગના મુખ્ય સુત્રધાર સહિત ૯ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછ કરતા તેઓની હાલની મોડેસ ઓપરેન્ડી મુજબ ખેડા, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, અમદાવાદ શહેર સહિતના વિસ્તારમાં રહેતા અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હોય તેવા સિનીયર સિનીઝનને ટાર્ગેટ કરી, હનીટ્રેપમાં ફસાવી નાણા પડાવવાના ફિરાકમાં હતા. પરંતુ કપડવંજ ટાઉન પોલીસ ટીમની સંતર્કતાને લીધે આ ગેંગ અન્ય વધુ ગુનાઓને અંજામ આપે તે પુર્વે મુખ્ય સુત્રધાર સાથે ઝડપી પાડી ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરેલ છે. હાલમાં આરોપીઓની અટકાયત કરી છે.

**પકડાયેલ આરોપીઓના નામ**

દિપેશકુમાર દિલીપભાઇ ધોળુ (પટેલ) રહે. કોલેજ કંપા તા. દહેગામ જી.ગાંધીનગર (મુખ્ય સુત્રધાર), ખુશ્બુબેન ઉર્ફે ખુશી કાળુસિંહ ડાહ્યુસિંહ ચૌહાણ રહે. સાકરોડીયા તા.હિંમતનગર જી. સાબરકાંઠા (હનીટ્રેપ કરનાર મુખ્ય સ્ત્રી), આલુસિંહ ભરતસિંહ મકવાણા રહે. મોટી વડોલ,દરબાર ફળીયુ તા.ઇડર જી.સાબરકાંઠા, વિજયસિંહ ઉર્ફે ભયો હરીસિંહ વાઘેલા રહે.હિંમતનગર, મોતીપુરા,ચંદ્રનગર સોસાયટી મ.નં.૫૩ તા.હિંમતનગર જી. સાબરકાંઠા, અશ્વિનસિંહ વિનોદસિંહ ચૌહાણ રહે.મોટી વડોલ તા. ઇડર જી.સાબરકાંઠા, પંકજગીરી શીવગીરી ગોસ્વામી રહે.હડિયોલ, ભીમાવાળીવાસ તા. હિંમતનગર જી.સાબરકાંઠા, દક્ષાબેન ઉર્ફે ટીનાબેન ડો/ઓ જગદિશગીરી બેચરગીરી ગોસ્વામી રહે. હડિયોલ તા. હિંમતનગર જી.સાબરકાંઠા, જય હસમુખભાઇ પટેલ રહે. ઉમાપાર્ક સોસાયટી મુ.તા.દહેગામ જી. ગાંધીનગર તથા નજીરમીયાં બાલુમીયાં કુરેશી રહે.ખોબલીયા તા. કપડવંજ જી.ખેડાનો સમાવેશ થાય છે.

**કબજે કરેલ મુદ્દામાલ અને રોકડ રકમ**

રોકડ રકમ રૂ.૧,૮૭,૦૦૦, મારૂતિ સુઝુકી સ્વિફ્ટ ગાડી નં. GJ 09 BJ 4565 કિ.રૂ.૪, ૫૦,૦૦૦, મારૂતિ સુઝુકી એસ ક્રોસ ગાડી નં.GJ 05 JS 4008 કિ.રૂ.૬,૫૦,૦૦૦, ટી.વી.એસ જ્યુપીટીર નં.GJ 07 EG 8098 કિ.રૂ.૪૦,૦૦૦, મોબાઇલ- ફોન નંગ-૧૩ કિ.રૂ.૧,૮૩,૦૦ કુલ્લે મુદ્દામાલ કિ.રૂ.૧૫,૧૦,૦૦૦નો જપ્ત કરવામાં આવ્યો છે.

**પાદરામાં 5 મહિલાઓની તો દારૂની હાટડીઓ મળી**

## 8 મહિલા સહિત 25 થી વધુ શરાબીઓની ધરપકડ કરાઈ

**વડોદરા** જિલ્લાના પાદરા, સાવલી, વાઘોડિયા, ડભોઇ, કરજણ, જરોદ, ડેસરમા દારૂ જ દારૂ

(પ્રતિનિધી) વડોદરા,તા.15 ગાંધીના ગુજરાતમાં એક ગામ શહેર કે જિલ્લો એવો નથી કે જ્યાં જોઈએ ત્યારે દારૂ ના મળે. જિલ્લા પોલીસે ઠેર ઠેર કડક ચેકીંગ હાથ ધરીને નશો કરીને વાહન હંકારતા ઈસમો સહિતના અનેકને ઝડપી પાડ્યા હતા.

કરજણના કુરઇ ગામના બસ સ્ટેશન નજીક લાઈસન્સ વગર રિક્ષા ચલાવતા નયન વસાવાને પોલીસે રાજાપાઠમાં ઝડપી પાડ્યો હતો. ડભોઇ નજીક તરસાના ચોકડી પાસેથી પુરઝડપે ઈકો કાર અટકાવીને પોલીસે ચાલકના નામ ઠામ પૂછીને તપાસ કરતા નશામાં ચૂર ચાલકે અજય તડવી નામ જણાવ્યું હતું. મંજુસર નજીક ટુંડાવ માર્ગ પર આવેલ ઈન્ડો માંઈન્સ કંપની પાસેથી લથડિયા ખાતી હાલતમાં પસાર થતા સુરેશ નાયક અને ટીના નાયક પણ ઝડપાઈ ગયા હતા. પાદરા પંથકમાં પોલીસે વ્યાપક ચેકીંગ હાથ ધરાયા હતા. જેમ ઘરમાં જ દારૂની હાટડીઓ ચલાવતી શબુબેન પરમાર સરોજબેન માલી લલિતાબેન તળપદા જાગૃતિ પઢિયાર પાસેથી દેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કબ્જે કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દારૂબંધીને કાબુમા લેવા કડકાઇ ભરી કામગીરી કરી જ રહી છે છતાં તેમના થી ચાર પગલાં આગળ ચાલતા દેશી વિદેશી દારૂના બુટલેગર ખુલ્લેઆમ દારૂનો વેપલો કરી રહ્યા છે.

જિલ્લાના તાલુકાની પોલીસે લાખો રૂપિયાના વાહનો અને દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરીને આરોપીઓ વિરુધ્ધ ગુના દાખલ કર્યા હતા.

**ટ્રાફિકમાં અડચણરૂપ દબાણો પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરાયા**

## અંકલેશ્વરમાં માર્ગને નડતરરૂપ ચાર ધાર્મિક સ્થાનો હટાવાયાં

(પ્રતિનિધી) અંકલેશ્વર,તા.15 અંકલેશ્વરમાં વિસ્તૃતીકરણમાં તેમજ ટ્રાફિકમાં અડચણરૂપ ચાર ધાર્મિક સ્થળો હટાવવામાં આવ્યાં હતાં. આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ચાંપતો પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. કામગીરી દરમિયાન એકેય અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

અંકલેશ્વરમાં હાલ માર્ગોના વિસ્તૃતીકરણની કામગીરી ચાલી રહી છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય માર્ગને અડીને આવેલા તેમજ નવીનીકરણની કામગીરીમાં નડતરરૂપ એવાં ચાર જેટલાં ધાર્મિક સ્થાનોને દૂર કરવાની કામગીરી ગત મોડી રાત્રે કરાઈ હતી, જેમાં ત્રણ દરગાહ તેમજ એક મંદિરની ડેરીનો સમાવેશ થયો હતો. આ સ્થળોમાં સુરવાડી બ્રિજથી ચૌટાનાકાને જોડતા રોડ પર આવેલી ત્રણ કબર તેમજ



સારંગપુરના મીરાનગરમાં આવેલું એક મંદિર હટાવવામાં આવ્યું હતું. ધાર્મિક દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ માહોલમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. મીરાનગર ખાતેથી હટાવવામાં આવેલી રામદેવપીરના મંદિરની મૂર્તિઓનું અન્ય મંદિરમાં સ્થાપન કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન અંકલેશ્વરના પ્રાંત અધિકારી, મામલતદાર સહિત માર્ગ અને મકાન ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

### વિદેશ મંત્રી એસ. જયશંકર વડોદરામાં ટૂંકી મુલાકાતે

(પ્રતિનિધી) વડોદરા તા. 15 ભારતના વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે વડોદરા સર્કિટ હાઉસમાં ટૂંકી મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે શહેરના મેયર, સંસદ સભ્ય, નવા મ્યુનિસિપલ કમિશનર અને અન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં સ્થાનિક મુદ્દાઓ, શહેરી વિકાસ અને વડોદરાના નાગરિકો માટેની પ્રાથમિક સુવિધાઓ સુધારવાના પ્રયાસોની ચર્ચા કરી હતી. બેઠક બાદ, ડૉ. જયશંકર ચાંગા યુનિવર્સિટી ગયા જ્યાં તેમણે એક કાર્યક્રમમાં હાજરી આપી. વિદેશ મંત્રી તરીકે, ડૉ. જયશંકર ભારતની વિદેશ નીતિ અને રાજદ્વારી સંબંધોને પ્રોત્સાહન આપવામાં સક્રિયપણે રોકાયેલા છે. સાંસદ હેમાંગ જોશીએ જણાવ્યું કે વડોદરાના વિકાસની વાતો સાથે વિવિધ પ્રશ્નો તેમજ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ચાલુ કરવા ચર્ચા થઈ છે. તેમાં કેવી રીતે આગળ વધવું, વડોદરાની કલ્ચર કેપિટલને વિશ્વના એમ્બેસેડર સુધી કેવી રીતે પહોંચાડવું તે વિશે ચર્ચા કરી હતી.

**MSUની ફાઇન આર્ટસ ફેકલ્ટીમાં વિશ્વ કલા દિવસની ઉજવણી કરાઇ**

## આર્ટ લવરમાં થોડો વધારે ક્રેઝ જગાડો અને આર્ટિસ્ટો માટે સહાનુભૂતિ રાખો : વિવા પટેલ

**ફાઈન** આર્ટસ ફેકલ્ટીના વિદ્યાર્થી સહિત પ્રોફેસરનો નાના આર્ટિસ્ટોને પ્રોત્સાહિત કરવા સંદેશ

( પ્રતિનિધિ )વડોદરા,તા.15 વિશ્વકલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ફાઈનઆર્ટ્સ ફેકલ્ટીના પ્રોફેસર સહિત વિદ્યાર્થીઓએ સમાજના યોગદાનની જરૂર છે. સાથે જ નાના નાના આર્ટીસ્ટોને અને તેમની કલાને સમજીને તેમને પ્રોત્સાહિત કરવા માટે સંદેશો પાઠવ્યો હતો.

ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના સ્કલ્પચર આર્ટિસ્ટ વિવા પટેલે જણાવ્યું હતું કે, અનુભવમાં એવું છે કે જ્યારે એડમિશન મેં લીધું હતું. એ સમયે હું એટલી બધી ફાઈન આર્ટ્સ શું છે, તેના માટે જાગૃત ન હતી. બસ ડ્રોઈંગ કરતી હતી એવું રહેતું હતું. એટલે ક્યાંકને ક્યાંક અંદરથી કલાકાર જાગ્યો હતો એને ક્યાંક પ્રોફેશનલ કે એજ્યુકેશન લેવલ પર આગળ જવું અને કંઈક કરું અને હું આગળ વધી અને હું આવી કે આર્ટિસ્ટો માટે ખાસ્સું



બધું મોટી એક આખી ફિલ્ડ છે. જે ફિલ્ડની કોઈ લિમિટેશન નથી.

સારું એવું કામ કરી શકે છે અને પોતાના ટેલેન્ટને આવી રીતે બહાર લાવી શકે છે અને પબ્લિક સુધી પહોંચાડી શકે છે, પણ અત્યારનું જે છે. મારો સવાલ એ છે કે નાના નાના આર્ટીસ્ટ છે. જેની આજીવિકા એમના આર્ટ વર્ક પર ચાલે છે. જે લોકોને આર્ટમાં વધારે રસ છે એમને વિનંતી છે કે જે નાના નાના આર્ટિસ્ટ છે એમને પ્રોત્સાહિત કરે અને તેમના આર્ટ વર્કને સમજીને ત્યાં ખરીદીનો કોટા વધારે તો સારું છે કેમકે એ લોકોને આજીવિકા આમાંથી જ મળતી હોય છે. એટલે આજના દિવસે હું આજ સંદેશો આપીશ કે, હેન્ડ વર્ક કહીએ છે એ અલિપ્ત થાય એના કરતા પહેલા એને સાચવવા માટે આર્ટ લવર માં થોડો વધારે ક્રેઝ જગાડીએ અને આર્ટિસ્ટો માટે સહાનુભૂતિ રાખે. આ પ્રસંગે પ્રોફેસર ઈન્દ્રપ્રમિત રોયે જણાવ્યું હતું કે, આજનો દિવસ એ ખુશીનો અવસર છે. જે બધાએ મનાવો જોઈએ કલાનું ઉજાગર પણ આખા વર્ષ દરમિયાન રહેવું જોઈએ અને થઈ જ રહ્યું છે. એટલે આ આપણે વડોદરા ને કલા નગરી નામથી પણ ઓળખાય છે આગળ પણ જોવું જોઈએ કે, ભવિષ્યની જે પેઢી છે આવનારી તેને અમે પ્રોત્સાહિત કરી શકીએ.

### રોજગાર કચેરીને 30 એપ્રિલ સુધી રીટર્ન-ખાલી જગ્યાઓની વિગતો મોકલી આપવી

( પ્રતિનિધિ )વડોદરા,તા.15 વડોદરા જિલ્લાના તમામ જાહેર કચેરી કે સંસ્થા તેમજ ૨૫ કે તેથી વધુ કર્મચારી ધરાવતા ખાનગી એકમો કે સંસ્થાને સી એન વી એક્ટ ૧૯૫૯ અન્વયે ત્રિ-માસિક અને છ-માસિક રોજગારલક્ષી રીટર્ન પત્રકો ત્રિ-માસિક સમય પૂર્ણ થયા બાદ ૩૦ દિવસની સમય મર્યાદામાં મદદનીશ નિયામક રોજગારની કચેરી, વડોદરાને મોકલવા ફરજિયાત છે. આથી માર્ચ-૨૦૨૫ અંતિત રોજગારીના સ્ત્રી-પુરુષ અધિકારી -કર્મચારીની સંખ્યા દર્શાવતું ત્રિ-માસિક ઈ.આર.-૧ પત્રક મોકલવાની છેલ્લી તા. ૩૦/૦૪/૨૦૨૫ છે. તેમજ એકમ કે સંસ્થાએ કોઈપણ નવી ભરતી કે નિમણૂંકના ૧૫ દિવસ પહેલા રોજગાર કચેરીને ખાલી જગ્યાની જાણ કરવી પણ ફરજિયાત કરવાની હોય છે. વડોદરા શહેર-તાલુકા-જિલ્લામાં જાહેરક્ષેત્રમાં તમામ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કચેરીઓ તેમજ કેન્દ્ર કે રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, નિગમ, કંપનીનો સમાવેશ થાય છે તેમજ ખાનગીક્ષેત્ર (સેવા,ઉત્પાદન અને વેપાર)નાં એકમો-સસ્થામાં ૨૫ કે તેથી વધુ કર્મચારી ધરાવતા કારખાના, ઓફીસ, શાળા-કોલેજો, હોસ્પિટલ, હોટેલ, પેટ્રોલપંપો, મોલ, શોરૂમ, બેન્કો, એન.જી.ઓ., ટ્રસ્ટનો સમાવેશ થાય છે.

**ONGCની ઓઈલ સંશોધન સાઇટ પરથી ચોરી કરતો હતો**

## ભૂગર્ભમાં કેબલોની ચોરી કરતો મહેસાણાનો આરોપી ઝડપાયો

**આરોપી** પાસેથી રૂ.3.55 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધી) ભરૂચ,તા.15 ભરૂચ LCB ટીમે જંબુસર અને આમોદ વિસ્તારમાં ONGCની ઓઈલ સંશોધન સાઈટ પરથી કેબલ અને મશીનરીની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ થયો હતો. પોલીસે એક આરોપીની ધરપકડ કરીને સઘન તપાસ આદરી છે. ભરૂચ LCBનાં PI એમ.પી.વાળા અને PSI ડી.એ.તુવર અને ટીમે માહિતીના આધારે મહેસાણામાં રેડ પાડી હતી.પોલીસે વશીમ ઈબ્રાહીમ અલ્લારખાબાદશાહ રહે-બીલાલ પાર્ક સોસાયટી,કસબા રોડ,મહેસાણાને ઝડપી પાડ્યો હતો.તેની પાસેથી ગુનામાં વપરાયેલી મારૂતિ ઈકો કાર કિંમત રુઆ. 3.50 લાખ અને મોબાઈલ ફોન કિંમત રૂ.5000/- મળીને કુલ કિંમત રૂ.3,55,000/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે તે યાકુબ, કાદર અને અન્ય ચાર સાગરીતો સાથે મહેસાણાથી બે મારુતિ કારમાં



જંબુસર પંથકમાં આવીને ONGCની સાઈટ પરથી કેબલ વાયર, CX મશીનો અને અન્ય સામાન ચોરતા હોવાનું કબુલ્યું હતું.

ચોરીનો માલ મહેસાણા લઈ જઈને કાદર નામના વ્યક્તિને વેચવામાં આવતો હતો. પકડાયેલા આરોપીને આમોદ પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો હતો. યાકુબ અને કાદર સહિત ચાર સાગરીતોને વોન્ટેડ જાહેર કર્યો છે.

## મહારાષ્ટ્રમાં મકાન વેચાવાના બહાને 34 લાખથી વધુ પડાવનાર 2 ઠગ ઝડપાયાં

( પ્રતિનિધિ ) વડોદરા, તા.15 વડોદરા શહેરમાં ક્રાઇમ બ્રાન્ચની ટીમને મળેલી બામતીના આધારે ટીમે તાંદલજાથી બે શંકાસ્પદ શાહનવાઝ ઉર્ફે શાહુ મહેબુબ યુસુફ શેખ (રહે.ખુશ્બુનગર,તાંદલજા, વડોદરા) તથા સાકીર અહેમદ સિંધી (રહે. પત્રકાર કોલોની, તાંદલજા)ને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ તેમની પૂછપરછ કરતા વર્ષ 2024મા બંને ખોટા નામ આધારે ઠગાઇ આચરી હતી અને ઠાણે જિલ્લાના નયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામા બંને શખ્સ નાસતા ફરતા હોવાનું જણાવ્યું હતું. જેથી ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના નયાનગર પોલીસ સ્ટેશનમા બંને સોંપાયા છે. ઉલ્લેખનીય છે કે બંને આરોપીઓએ મુંબઇ બાંન્દ્રા ખાતે ફેસબુકમાં મકાન બતાવી રૂમ ખરીદ કરવા આપેલા મોબાઈલ નંબર પર કર્યો હતો ત્યારે તેમને મિરા રોડ પર ભુમિ કન્સલ્ટન્સીની ઓફિસે બોલાવ્યાં હતા. ત્યા શાહનવાઝ શેખે પોતાનું ખોટુ નામ ભગવાનજી મીશ્રા તેમજ સાકીર સિંધીએ મોઇઝ સબ્બીર મંસુરવાલા નામ ધારણ કર્યું હતું. ત્યારબાદ ઓત્સવાલ ઓરિજિનલ બિલ્ડિંગમાં એક એક ફ્લેટ વેચવાના છે. જેથી ફરિયાદ 65 લાખમાં બંને ફ્લેટ ખરીદવાનુ નક્કી કર્યું હતું અને બંનેને તેઓએ રૂ.34 લાખ આપ્યા પરંતુ બંને જણા તેમને મકાનોના રજિસ્ટર વેચાણ દસ્તાવેજ નહી કરી આપીને ઠગાઇ આચરી હતી.

CENTRUM Home Loans
Aao milkar ghar banaye

કોર્પોરેટ અને રજિસ્ટર્ડ ઓફિસ: યુનિટ નં. 801, સેન્ટ્રમ હાઉસ, સીએસટી રોડ, વિદ્યાનગરી માર્ગ, કાલિના સાન્તાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400098, સીઆઈએન નં. U65922MH2016PLC273826

**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) હેઠળ, જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 (1) સાથે વાંચવામાં આવે છે.

નીચે સહી કરનાર સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉપરોક્ત એક્ટ) હેઠળ અધિકૃત અધિકારી છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૧૨) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અધિકૃત અધિકારીએ ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડની નોટિસ જારી કરી છે, જેમાં નીચેના ઋણ લેનાર/લેનારાઓને (ઉક્ત ઋણ લેનારને) તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસ/ઓમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે, જે નીચે આપેલ છે.

ઉપરોક્ત સંદર્ભમાં, ઉપરોક્ત ઋણ લેનારને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના પ્રકાશનથી ૬૦ દિવસની અંદર, નીચે દર્શાવેલ રકમ, નીચે દર્શાવેલ વ્યાજ અને બાકી રકમની સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધીના અન્ય ચાર્જીસ સાથે, નીચે દર્શાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, ઉક્ત ઋણ લેનારાઓ દ્વારા અમલમાં મુકાયેલા અન્ય દસ્તાવેજો/લેખનો સાથે વાંચવામાં આવતા લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર છે. લોનની બાકી ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની સંપત્તિઓ અનુક્રમે ઉક્ત ઋણ લેનારાઓ દ્વારા સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને ગીરવે મૂકવામાં આવી છે.

| ક્રમાંક | લોન ખાતા નંબર / ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/ જામીનદાર(ઓ)નું નામ | કુલ બાકી લેણાં (રૂ.) | NPA તારીખ / કલમ 13(2) નોટિસ તારીખ / FCL તારીખ | સુરક્ષિત સંપત્તિ (સ્થાવર મિલકત)નું વર્ણન |
|---|---|---|---|---|
| 1 | BDQGH22008891/રાજેન્દ્રસિંહ નટવરસિંહ રાણા/રુતુરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ/યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ | રૂ.3041660/- (રૂપિયા ત્રીસ લાખ એકતાલીસ હજાર છસો સાઠ માત્ર) | 10-03-2025 11-04-2025 25-04-2025 | ગોધરાના સ્થાવર મિલકતના હકો, ટુકડા અને પાર્સલમાં, મહેસૂલ ખાતા નં. ૨૩૩૯૬, આર.એસ. નં. ૯૭૪/૧ જમીન પ્રા. પ્લોટ નં. ૬૨, એડમ. ૭૮ ચો.મી., ગોધરા શહેર (એન.એ.) શીટ નં. એન.એ. ૯૯, સિટી સર્વે નં. એન.એ.૯૭૪/૧/૬૨, ગોધરા કસ્બા, તા.- ગોધરા, જિલ્લો- પંચમહાલ-૩૮૯૦૦૧, ગુજરાત. સીમાઓ:- પૂર્વ :-૧૮ મીટર રોડ, પશ્ચિમ :- પ્લોટ નં. ૪૩, ઉત્તર :- પ્લોટ નં. ૬૩, દક્ષિણ - પ્લોટ નં. ૬૧. |
| 2 | BDQGH23010557/પુષ્પકસિંહ સોમસિંહ ચૌહાણ/અલકાબહેન પુષ્પકસિંહ ચૌહાણ | રૂ.920596/- (રૂપિયા નવ લાખ વીસ હજાર પાંચસો છન્નું માત્ર) | 10-03-2025 11-04-2025 25-04-2025 | સ્થાવર મિલકતના હકો, ભાગ અને પાર્સલ ગ્રામ પંચાયત મકાન નં. ૧૪૩૫, જુની ગામતાલ, ગ્રામ પંચાયત ઉખરેલી, ઉખરેલી, તા. સંતરામપુર, જિ. મહિસાગર-૩૮૯૨૬૦, ગુજરાત ખાતે સ્થિત છે. સીમાઓ:- પૂર્વ :- ભવાનસિંહ ચૌહાણની માલિકીની મિલકત, પશ્ચિમ :- રસ્તો, ઉત્તર : સુરેન્દ્રસિંહ હેતીસિંહ ચૌહાણની માલિકીની મિલકત, દક્ષિણ - ખુલ્લી જમીન. |

જો ઉક્ત દેવાદારો ઉપરોક્ત મુજબ સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિઓ સામે કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે.

ઉપરોક્ત દેવાદારોને કાયદા હેઠળ ઉપરોક્ત સંપત્તિઓ, વેચાણ દ્વારા, લીઝ દ્વારા અથવા અન્યથા સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના ટ્રાન્સફર કરવાની મનાઈ છે. કોઈપણ વ્યક્તિ જે ઉપરોક્ત કાયદા અથવા તેના હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા ઉલ્લંઘનને પ્રોત્સાહન આપે છે તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડને પાત્ર રહેશે.

સ્થળ: ગુજરાત તારીખ: ૧૬.૦૪.૨૦૨૫ એસડી/- અધિકૃત અધિકારી ફોર સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ